# Nirma University
# Library Resource Centre

Publication: **Divya Bhaskar City** Edition: **Ahmedabad**
Date & Day: **06/04/2022 (Wed)** Page No: **01**

---

CAMPUS CONNECT નિરમા, સેપ્ટ, પીડીઇયુ, અમદાવાદ યુનિ. સહિતના કેમ્પસમાં સ્ટુડન્ટ્સ એક્ટિવિટી વધી

## કિટલીની કટિંગ, કેન્ટીનમાં મીટિંગ, મિત્રો સાથે હોસ્ટેલમાં હેંગઆઉટ સાથે કેમ્પસ લાઇવ બન્યા

ધારા રાઠોડ, અમદાવાદ | કોરોના સમયમાં છેલ્લા 2 વર્ષથી ઓનલાઈન સ્ટડી કરતા સ્ટુડન્ટ્સ કેમ્પસ પાછા ફરતા જ સેલિબ્રેશનના મૂડમાં જોવા મળી રહ્યા છે. સ્ટડીની સાથે-સાથે સ્પોર્ટ્સ એક્ટિવિટી, કલ્ચરલ ઈવેન્ટ્સ કે પછી ફેકલ્ટી અને એલમ્નાઈ સ્ટુડન્ટ્સ સાથે ઈન્ટરેક્શન પાછું શરૂ થતા જ કેમ્પસ લાઈવ અને હેપનિંગ બન્યા છે. સિટી ભાસ્કરે બેક ટુ કેમ્પસ આવેલા સ્ટુડન્ટ્સ સાથે વાત કરતા જાણવા મળ્યું કે મિત્રો સાથે કેન્ટીનમાં મજા, હોસ્ટેલની મિડનાઈટ મેગી કે પછી 3AM હેંગઆઉટ ફરી એકવાર શરૂ થઈ ગયા છે. જેના કારણે અમદાવાદ યુનિવર્સિટી, નિરમા યુનિવર્સિટી, સેપ્ટ, આઈઆઈટી ગાંધીનગર, પીડીઈયુ સહિતના મોટાભાગના કેમ્પસમાં એક્ઝિબિશન, કલ્ચરલ ફેસ્ટ, ડેઝ સેલિબ્રેશન સાથે સ્ટુડન્ટ્સ સ્ટડી સાથે ફન કરતા જોવા મળી રહ્યા છે.

### IIT-GN — હવે કલાકો સુધી સ્ક્રિન સામે નહી, કેમ્પસમાં બેસવા મળે છે



IIT-GN બેક ટુ કેમ્પસ એક્ટિવિટી વિશે વાત કરતા કલ્ચરલ સેક્રેટરી તનમય શર્માએ જણાવ્યું કે હવે સ્ક્રિન સામે કલાકો બેસી રહેવું નથી પડતું. તેમજ સ્ટડીની સાથે ઓફલાઈન ઈવેન્ટ્સ અને સ્પોર્ટ્સ એક્ટિવિટી શરૂ થતા કેમ્પસ હેપનિંગ લાગે છે. તો બીજી તરફ સેનેટ કન્વીનર અનસ અલીએ પોતાનો એક્સપિરિયન્સ શેર કરતા કહ્યું કે ડે સેલિબ્રેશન, ડાન્સ, ડ્રામા, સિંગિંગ, સ્ટ્રીટ પ્લે, ડીજે નાઈટ વગેરે એક્ટિવિટીના કારણે હવે સ્ટડીની સાચી મજા આવી રહી છે.



### CEPT — કેમ્પસમાં લાઇવ લર્નિંગની ફીલ આવી રહી છે

'ઓનલાઈન એજ્યુકેશનમાં ગ્રૂપ સ્ટડી સૌથી વધારે મિસ થઈ રહ્યું હતું. કેમ્પસ સ્ટડી શરૂ થતા જ ગ્રૂપ પ્રોજેક્ટ્સ, કેન્ટીનમાં બેસીને નવા કોન્સેપ્ટ્સ પર કામ કરવું કે પછી ફૂટબોલ મેચ રમવી આ બધા જ ફન સાથે હવે કેમ્પસમાં મજા આવી રહી છે. કેમ્પસમાં લાઈવ લર્નિંગની ફીલિંગ પાછી આવી છે. » રાજીવ ભગત, સ્ટુડન્ટ

### NIRMA — ગરમ મેગી સાથે સ્ટુડન્ટ્સનું ફરી 3AM આઉટિંગ શરૂ થયું



નિરમા યુનિવર્સિટીમાં પણ સ્ટુડન્ટ્સ બેક ટુ કેમ્પસ પરત ફર્યા છે ત્યારે યુનિવર્સિટીના સ્ટુડન્ટ્સ સાથે તેમની બેક ટુ કેમ્પસ ફીલ અંગે વાત કરતા લાભાંશ માવીએ જણાવ્યું હતું કે કેમ્પસ આવતા જ તે ફરી એકવાર એલમ્નાઈ ઈન્ટરેક્શનને એન્જોય કરી રહ્યો છે. તો મુસ્કાન બંટા સ્પોર્ટ્સ એક્ટિવિટી પાછી શરૂ થતા એક્સાઈટેડ છે. એટલું જ નહીં હોસ્ટેલમાં પરત આવેલા સ્ટુડન્ટ્સનું રાતે ગરમ મેગી સાથેનું 3 AMનું આઉટિંગ પણ શરૂ થયું છે.

### PDEU — ઓવરઓલ એક્સપોઝર માટે કેમ્પસ લાઈફ જરૂરી

બેક ટુ કેમ્પસ આવતા જ પોઝિટિવ વાઈબ્સ પાછી આવી છે. ઓનલાઈન લેક્ચર્સ બોરિંગ થઈ ગયા હતા. કેમ્પસમાં સ્પોર્ટ્સ ફેસ્ટ, કલ્ચરલ ઈવેન્ટ, ગેસ્ટ લેક્ચર્સ સાથે સ્ટડી એક એક્સપિરિયન્સ છે. જેનાથી અલગ જ ફીલ આવે છે. સ્ટુડન્ટ્સના ઓવરઓલ એક્સપોઝર માટે કેમ્પસ લાઈફ જરૂરી છે. » અંશ કટારિયા, સ્ટુડન્ટ

